વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



નારાયણભાઈ મંગળદાસ પટેલ
(૧૯૩૧) ફોન. ૨૩૨ ૨૭૭૩૦



રમણભાઈ જયંતિલાલ ભટ્ટ
(૧૯૨૭) ફોન. ૨૩૨ ૨૨૦૫૫

શહેર કોંગ્રેસ દ્વારા આજે વિવિધ સ્થળો પર ધરણાં

રાજ્યમાં ભાજપની સરકારના અણઘડ અને ભ્રષ્ટાચારી વહીવટને કારણે ગરીબ પ્રજા પરેશાની ભોગવી રહી છે. ગરીબો માટે અનાજ અને કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે પણ વચેટિયાઓ તેને ગુમ કરી દે છે અને કાળા બજારમાં વેચી દે છે. આથી શહેર કોંગ્રેસ દ્વારા આવતીકાલ તા. ૧૧મીને બુધવારે શહેરના ૧૦ વિધાનસભા વિસ્તારોમાં પુરવઠા વિભાગના અધિકારીઓને આવેદનપત્ર આપીને ધરણાં યોજવામાં આવશે તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહે જણાવ્યું છે.

બનાસકાંઠા જિલ્લામાં આજે સવારથી જ ધીમી ગતિએ મેઘરાજાએ પધરામણી કરતા જનતાએ હાંશકારો અનુભવ્યો હતો. જેમાં અનુક્રમે પાલનપુરમાં ૪૫, ડીસામાં ૨૫, વડગામમાં ૩૯, દાંતામાં ૪૨, અમીરગઢમાં ૨૯, દાંતીવાડામાં ૨૫ અને કાંકરેજમાં ૦૭ મી.મી. વરસાદ નોંધાયો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૦૬ તાલુકામાં વરસાદ : સૌથી વધુ ધરમપુરમાં ચાર ઈંચ

દસ જિલ્લામાં ૧૦ થી ૧૬ ટકા વરસાદ નોંધાયો : ૬ તાલુકાઓ વરસાદ વગરના : વલસાડ જિલ્લાના પારડીમાં નવ કલાકમાં ૬ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૦૬ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૯૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના સરહદી એવો કચ્છ જિલ્લો એવો છે કે જ્યાં સરેરાશ વરસાદનો એક ટકો જ વરસાદ નોંધાયો છે.

રાજ્યના પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૯ જિલ્લાના ૧૦૬ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ ૯૯ મી.મી. ધરમપુરમાં નોંધાયો છે.

આજે વહેલી સવારથી પાટનગર ગાંધીનગર સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ નોંધાવાના અહેવાલો છે.

રાજ્યના અમદાવાદ, વડોદરા, દાહોદ, ખેડા, આણંદ, પંચમહાલ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા તાપી, સુરત નવસારી અને વલસાડ એમ કુલ ૧૬ જિલ્લાઓ એવા છે જ્યાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ સામે ૧૦ થી ૧૬ ટકા જેટલો વરસાદ આ સીઝનમાં થવા પામ્યો છે.

જ્યારે ડાંગ, જામનગર, જૂનાગઢ, કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર અને પોરબંદર એમ કુલ ૧૦ જિલ્લાઓ એવા છે જ્યાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં આ સીઝનમાં માત્ર એક થી પાંચ ટકા જેટલો જ સામાન્ય વરસાદ નોંધાયો છે.

કચ્છના પાંચ તાલુકા સહિત રાજ્યના ૬ તાલુકાઓ તો એવા છે જ્યાં આ વર્ષે હજુ સુધી એકપણ ટીપુ વરસાદ ન નોંધાયા આ તાલુકાઓ સંપૂર્ણ કોરા ધાકોર રહેવા પામ્યા છે. આ તાલુકાઓમાં આગામી ૧૫ દિવસ દરમ્યાન વરસાદ ન થાય તો આ વિસ્તારોમાં અછતની સ્થિતિ સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમ્યાન અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આજે દિવસ દરમ્યાન રાજ્યમાં હળવાથી ભારે વરસાદ નોંધાવાના અહેવાલો છે. જેમાં વલસાડ જિલ્લાના પારડીમાં નવ કલાકમાં ૬ વંઈચ વરસાદ નોંધાતાના અહેવાલો છે.

સમાચાર ઝલક

- અંબાજી બનશે રાજ્યનું પ્રથમ ગોલ્ડન મંદિર - ૬૦ કિલો સોનું વપરાશે : ૨૨૦ કરોડનું વીમાકવચ.
- પથારી ભીની કરનારી બાળકીને પેશાબ પીવાની સજા, શાંતિનિકેતન વિશ્વભારતી પાઠ ભવન કલકત્તાનો બનાવ, વડાપ્રધાન કાર્યાલયે માહિતી માગી, માનવ અધિકારપંચ અને બાળ અધિકારપંચની ધમધમાટ શરૂ.
- માતાની ઉત્તર ક્રિયા ખર્ચમાં કાપ મુકી ગાયમાતાને ૧૧ મણ લાડુ જમાડ્યા.
- બ્રિટનમાં વિદ્યાર્થી વિઝા નિયમો હળવા થવાની શક્યતા.
- ગુજરાતની ચૂંટણીમાં મની-મસલ્સ પાવર નહિ ચલાવી લેવાય : ચૂંટણીપંચ.
- રતનપુરાના દાનવીરનું ગૌશાળાઓને સવા કરોડનું માતબર દાન.
- મેઘરાજાના આગમથી ધરતીપુત્રોએ ગુજરાતમાં મોટા ભાગે વાવણી શરૂ કરી.
- એક ઘરમાં એકથી વધુ રાંધણગેસના કનેકશન રાખી શકશે નહીં.

ડીસામાં તસ્કરોનો તરખાટ વધુ ૧.૩૦ લાખની મત્તા ચોરાઈ

ડીસા, તા.૧૦

ડીસા શહેરમાં છેલ્લા બે દિવસથી તસ્કરો પોલીસને પડકાર ફેંકી ઉપરા છાપરી ચોરીના બનાવોને અંજામ આપી રહ્યાં છે. ત્યારે રવિવારે શહેર પોલીસ સ્ટેશન પાછળ આવેલ એક હોટલમાંથી ટીવીની ચોરી કર્યા બાદ મંગળવારે ફરીથી પણ તે જ હોટલમાંથી ટીવી ઉઠાવી જતાં દુકાનદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચીલઝડપ, લૂંટ, ચોરી અને ઘરફોડ ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે શનિવારની રાત્રિના સમયે સિલ્વર પાર્ક સોસાયટીમાં તસ્કરોએ રૂ. ૧.૩૦ લાખના મુદ્દામાલની ચોરી કર્યા બાદ રવિવારે હાઈવે પરની અમૃતનગર સોસાયટીમાં આવેલ નારણભાઈ પ્રજાપતિના બંધ મકાનના દરવાજાના તાળા તોડી અંદર પડેલ રૂ. ૨૫ હજાર રોકડા તેમજ લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના ઉઠાવી ગયા હતાં. જયારે બીજા બનાવમાં ડીસા શહેર પોલીસ સ્ટેશન પાછળ આવેલ વ્હાઈટ હાઉસમાં આવેલ 'રૂચિ રેસીડેન્સી' નામની હોટલમાં રવિવારે રાત્રે તસ્કરો ટીવીની ઉઠાંતરી કરી નાસી છુટયા હતાં. જયારે સોમવારે રાત્રે પણ તસ્કરોએ ફરીથી તે જ હોટલમાં પ્રવેશ કરી બીજી ટીવીની ઉઠાંતરી કરી પોલીસને પડકાર ફેંકયો છે.

આ અંગે ચોરીની જાણ થતાં જ શહેર પોલીસે ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આજે પાલનપુર ખાતે ધોનરા તાલુકાના ડેઢા ગામના રહિશોએ સરપંચની આગેવાની હેઠળ ગામમાં ગામની પ્રાથમિક શાળા પાસે માથાભારે તત્વોએ કરેલા દબાણોને દુર કરવા કલેકટર જે.બી. વોરાને આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.

કર્મચારીઓએ સરકાર વિરુદ્ધ રેલી યોજી રણશીંગું ફૂક્યું

આગામી ચૂંટણીમાં પરચો બતાવવાની ચીમકી

હિંમતનગર, તા. ૧૦

રાજ્યના તમામ કર્મચારીઓને સ્પર્શતા પડતર પ્રશ્નો અન્વયે રાજ્યવ્યાપી શરૂ થયેલ આંદોલનના કાર્યક્રમો અંતર્ગત આજે હિંમતનગર ખાતે ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી બાદ યોજાયેલ જાહેરસભામાં સરકાર દ્વારા ત્વરીત નિર્ણય નહીં લેવાય તો રાજ્યના ૫૦ લાખ જેટલા કર્મચારીઓ મતદારો ચૂંટણીમાં પરચો બતાવી દેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આજે હિંમતનગર ખાતે ઉત્તર ગુજરાત ઝોનના રાજ્ય, પંચાયત ફેડરેશન, બોર્ડ, નિગમો, શિક્ષક સંઘ, વર્ગ-૪ના કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠાં થયા હતા અને ચાલુ વરસાદે નીકળેલી રેલી જાહેરસભામાં ફેરવાઈ ગઈ હતી. સેંકડોની સંખ્યામાં ઉમટેલા કર્મચારીઓએ તેમના પડતર પ્રશ્નો જેવા કે છઠ્ઠા પગાર પંચ પ્રમાણેના ભથ્થા, એલ.ટી.સી., ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓની કાયમી નિમણૂક, આઉટ સોર્સીંગ બંધ કરવું, રહેમરાહે નોકરી મૂળસ્વરૂપે રાખવી, કર્મચારીઓને રાહતદરે પ્લોટ વગેરે સહિતના પડતર માંગણીએ અંતર્ગત રાજ્ય સરકાર સાથે થયેલ સમાધાન મુજબ અમલ ન કરી કર્મચારીઓ સાથે દગો કરવામાં આવ્યો છે. આગામી સમયમાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં નહીં આવે તો કર્મચારીઓ ૫૦ લાખ ઉપરાંતથી વધુ ચૂંટણીમાં પરચો બતાવી દેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

આવાસ યોજનામાં ૪૬ લાખની ઉચાપત માટે નાયબ નિયામક ડી.એમ. ત્રિવેદી સહિત

ત્રણ કર્મચારી સસ્પેન્ડ અને ૧૨ની સામે પોલીસ ફરિયાદ : ફકીરભાઈ વાઘેલા

ગાંધીનગર, તા. ૧૦

સન ૨૦૧૦-૨૦૧૧માં વડોદરા જિલ્લામાં સાવલી તાલુકાના માલવાંકલીયા, ડેસર, ઘંટીયાળ અને મોકશી ગામોમાં પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં અંદાજે રૂ. ૪૬ લાખની ઉચાપત માટે વડોદરા જિલ્લાના તત્કાલિન નાયબ નિયામક અને હાલ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા શ્રી ડી.એમ. ત્રિવેદી સહિત વડોદરા નાયબ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ કચેરીમાં ફરજ બજાવી ચુકેલ સમાજ કલ્યાણ ઈન્સ્પેક્ટર, સાવલી રમેશભાઈ એન. પ્રજાપતિ, હેડ ક્લાર્ક મુકેશભાઈ મિસ્ત્રી, સીનીયર ક્લાર્ક, અલ્લારખ્ખાભાઈ એસ. વ્હોરાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ એક અખબારી નિવેદનમાં જણાવેલ છે કે શ્રી ડી.એમ. ત્રિવેદી સન ૨૦૧૦-૨૦૧૧માં જ્યારે વડોદરા જિલ્લામાં નાયબ નિયામક તરીકે ફરજ બજાવતાં હતા ત્યારે સાવલી તાલુકાના માલવાંકલીયા, ડેસર, ઘંટીયાળ અને મોકશી ગામોમાં અંદાજે ૧૦૭ લાભાર્થીઓની આવાસ યોજનામાં બેનામી અરજીઓ કરાવીને, ખોટા દસ્તાવેજો ઉભા કરીને, બેંકોમાં ખોટા બેનામી ખાતા ખોલાવીને બારોબાર નાણાંઉપાડી લેવામાંમુખ્ય સૂત્રધારની ભૂમિકા ભજવેલી છે.

વાઘેલાએ જણાવ્યું છે કે આ ગંભીર નાણાંકીય કૌભાંડમાં સાવલી તાલુકાના માલવાંકલિયા ગામના સરપંચ શ્રીહિરાભાઈ ભાલીયા, તલાટી ભરતભાઈ ઝેડ પટેલ તેમજ આવાસ યોજનાનાં મકાન બનાવતા વડોદરાના વાઘોડીયા તાલુકાના કુવરવાડ ગામના કોન્ટ્રાક્ટરશ્રી ઈશ્વરભાઈ એમ. બારીયા તેમજ વાઘોડીયા તાલુકાના રવાલ ગામના શ્રી કલ્પેશભાઈ ડી. પટેલની સંડોવણી પણ પ્રસ્થાપિત થઈ છે. ઉચાપત માટે ઈશ્વરભાઈ એમ. બારીયા, સોમાભાઈ પ્રતાપભાઈ પરમાર, મહેશભાઈ હિંમતભાઈ ભાલીયા, પ્રભાતસિંહ ડાહ્યાભાઈ વાઘરી અને કલ્પેશભાઈ ડી. પટેલ નામની વ્યક્તિઓએ અરજદારો વતીથી પોતાના નામે બેંકોમાં બેનામી ખાતા ખોલાવીને સરકારી કર્મચારીઓ બેંકના અધિકારીઓની સાથે સાંઠગાંઠ કરીને સાવલી નાગરિક સહકારી બેંક, સાવલી અને દેનાબેંક, ભીલાપુર, ડભોઈ બેંકોમાંથી નાણાં ઉપાડી લેવામાં સામેલગીરી કરી છે.

સમગ્ર પ્રકરણમાં ડી.એમ. ત્રિવેદી, જિલ્લા નાયબ નિયાક, રમેશભાઈ એન. પ્રજાપતિ, સમાજ કલ્યાણ નિરીક્ષક સાવલી, મુકેશભાઈ સી. મિસ્ત્રી, હેડ ક્લાર્ક, જિ. ના. નિયામક વડોદરા, અલ્લારખ્ખાભાઈ એસ. વ્હોરા, સીની.ક્લાર્ક, સાવલી નાગરિક સહકારી બેંક, સાવલી, દેનાબેંક, બીલાપુર, ડભોઈ બેંકોના સંબંધિત કસુરવાર કર્મચારીઓ/ અધિકારીઓ, ઈશ્વરભાઈ એમ. બારીયા, સોમાભાઈ પ્રતાપભાઈ પરમાર, મહેશભાઈ હિંમતભાઈ ભાલીયા, પ્રભાતભાઈ ડાહ્યાભાઈ વાઘરી, સરપંચ માલવાંકલીયા, તલાટીશ્રી ભરતભાઈ પટેલની એકબીજાના મેળાપીપણામાં એકબીજાને મદદગારી કરીને, ખોટા દસ્તાવેજો ઉભા કરીને સરકારી નાણાંની ઉચાપત સબબ તેમની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવાની પણ વડોદરા ડીએસપી શ્રી સંદીપ સિંઘને જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં કપાસનું ૮૫૭૪ હેકટરમાં અને મગફળીનું ૩૯૪૮ હેકટરમાં વાવેતર

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં આ વર્ષે વિલંબ સાથે વરસાદ સામાન્ય થતાં ખરીફ પાકનું વાવેતર ઘટવા પામ્યું છે. કપાસ અને મગફળી સિવાયના પાકના વાવેતરમાં ઘટાડો થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૬૦૧૯ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે એટલે કે માત્ર ૧૮.૨૧ ટકા વિસ્તારમાં જ વાવેતર થવા પામ્યું છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવર્ષે રાજ્યમાં ચોમાસુ મોડું શરૂ થતાં અને તેમાં પણ વાવણીલાયક વરસાદ પણ ઓછો થતાં વાવણી કાર્ય મોડુ શરૂ થતાં ગત વર્ષ કરતાં આ વર્ષે આ સમયગાળા દરમિયાન અંદાજે એક હજાર હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે.

રાજ્યના સરેરાશ ૮૭૯૭૮ હેકટર વિસ્તાર સામે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૭૧૫૭ હેકટર વિસ્તારમાં થયેલા વાવેતરની સરખામણીએ આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૧૬૦૧૯ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે જે માત્ર ૧૮.૨૧ ટકા જ થાય છે.

રાજ્યમાં આ વર્ષે અત્યાર સુધીમાં થયેલા વાવેતરમાં કપાસ અને મગફળીના પાકોનું વાવેતર વધુ થવા પામ્યું છે. રાજ્યમાં કપાસનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૭૭૦૨ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું હતું. જેની સામે આ વર્ષે આ સમયગાળા દરમિયાન ૮૫૭૪ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે જે ગત વર્ષ કરતા આઠસો હેકટર વધુ છે. આજ રીતે રાજ્યમાં ગત વર્ષે આ સમયગાળા દરમિયાન મગફળીનું ૬૫૬૭ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે જેની સરખામણીએ આ વર્ષે આ સમયગાળા દરમિયાન માત્ર ૩૯૪૮ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. એટલે કે ગત વર્ષ કરતાં અઢી હજાર હેકટર ઓછું વાવેતર થવા પામ્યું છે.

આ વર્ષે અત્યાર સુધીમાં તેલીબીયા પાકોનું ૧૭ ટકા જેટલું વાવેતર થવા પામ્યું છે જો કે ખરીફ ધાન્ય પાકોનું અને ખરીફ કઠોળ પાકોનું માત્ર આઠ ટકા જેટલું જ વાવેતર થવા પામ્યું છે.

રાજ્યમાં આ વખતે કપાસનું સરેરાશ વાવેતર સામે અંદાજે ૩૧ ટકા જેટલું વાવેતર થવા પામ્યું છે. આજથી રાજ્યમાં બીજા તબક્કામાં મેઘરાજાની મહેર શરૂ થતાં ખરીફ પાકોનું વાવેતર વધે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સેનેટરી ઈન્સ્પેક્ટર લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો એક કર્મચારી આજે રૂા. ૧૦ હજારની લાંચ લેતાં રંગે હાથ પકડાઈ ગયો હતો. એન્ટીકરપ્શન બ્યુરોના છટકામાં તે લાંચ લેતા પકડાયો છે. હવે એસીબીનો રીપોર્ટ આવી ગયા બાદ તેને સસ્પેન્ડ કરવામાં આવશે. સૂત્રો પાસેથી મળતી મુજબ દક્ષિણ ઝોનમાં તથા વોર્ડમાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો પિયુષ વ્યાસ પોતાના વિસ્તારમાં હેલ્થ લાયસન્સ ન હોય તેવા દુકાનદારો અને ફેક્ટરી માલિકો પાસેથી તોડ કરતો હોવાની ફરિયાદો ઉઠી હતી. વટવામાં આવેલી ફેક્ટરીના માલિક મુસ્તાક ગોલીવાલા પાસે પિયુષે રૂા. ૨૫ હજારની માંગણી કરી હતી. અને છેલ્લે ૧૫ હજારમાં સમાધાન થયું હતું. અને પાંચ હજાર પિયુષે લઈ લીધા હતા. આજે સવારે તે બાકીના ૧૦ હજાર લેવા આવ્યો ત્યારે એન્ટીકરપ્શન બ્યુરોના છટકામાં તે રૂા. ૧૦ હજાર લેતાં ઝડપાઈ ગયો હતો. હવે મ્યુનિસિપલ કોર્પોરેશનને એસીબીનો રીપોર્ટ મળ્યા બાદ તેને સસ્પેન્ડ કરવામાં આવશે.

ખેડૂતો ખુશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલા વરસાદને પગલે જ સારો વરસાદ થશે તેવું ખેડૂતોનું માનવું હતું અને વાવણીનો આરંભ કર્યો હતો. જો કે આ પછી વરસાદ ખેંચાઈ જતાં સમગ્ર જિલ્લામાં ચિંતાની લાગણી જન્મી હતી.

ગઈકાલ મધરાત પછી પુનઃ ચોમાસુ સક્રિય બન્યું છે. ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર વરસાદ સાથે સ્થાનિક પવનની ગતિ પણ સ્થિર થતાં વરસાદ સારો થયો છે એટલુ જ નહિ ધીમી ધારના આ વરસાદને કારણે જમીનમાં ભેજના તત્વમાં સારી એવી વૃદ્ધિ થશે જેનો સીધો ફાયદો પાકના ઉગાવામાં થશે.

જિલ્લામાં આ ખરીફ ઋતુ દરમ્યાન ૧ લાખ ૫૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો સાથેનું પાક આયોજન તૈયાર કરવામાં આવ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦ હજાર હેક્ટર વિસ્તાર કરતાં વધુ વિસ્તારમાં વાવણી કાર્ય પૂર્ણ થયેલ છે.

વાવણી થયેલ પાકને જીવતદાન સમાન આ વરસાદ સાબિત થયો છે તેમજ ખેતી માટે અનુરૂપ આ વરસાદ થતાં એકાદ દિવસમાં જ વાવણીનો બીજો તબક્કો પણ શરૂ થઈ જશે. ખાસ કરીને ધરૂપાકો અર્થાત ફેર રોપણીથી લેવાતા પાકો તેમજ શાકભાજીના પાકોનું વાવેતર વધશે.

જિલ્લામાં આ વર્ષે ગુવારના પાકનું વાવેતર પણ સારૂ એવુ થશે તેમ માનવામાં આવી રહ્યું છે. રોકડિયા પાકોનું વાવેતર પણ વધશે. દિવેલાનું તેમજ કપાસના પાકમાં વિક્રમી વાવેતર થવાના અંદાજો છે.

ઝરમર વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જે ખેડૂતોએ ખરીફપાકની વાવણી કરી ચુક્યા છે તેઓ ઓછા વરસાદથી ચિંતિત હતા અને પાક બળી જવાની દહેશત તેમને કોરી ખાતી હતી. આવા સમયે મેઘ મહેરથી ખેડૂતો ખુશ થઈ ગયા છે. લ્લિાના ખેડૂતોએ વાવણી શરૂકરી દીધી છે.

આખો દિવસ વરસાદ વરસ્યો હોવા છતાં તેની રફતાર ઓછી હોઈ દિવસ દરમ્યાન માત્ર ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૨૮.૦ અને લઘુત્તમ તાપમાન ૨૭.૮ ડિ.સે. નોંધાયું હતું. ભેનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાં ૯૬ ટકા રહ્યુ હતુ. અત્યાર સુધી સિઝનનો કુલ વરસાદ ૧૨૧ મી.મી. નોંધાયો છે.

શબ્દાવલી - ૪૭૮૪

૧	૨	૩	■	૪	૫	૬	૭
૮			■	■	૯		
	■	૧૦	૧૧			■	
■	૧૨	■		■	■	૧૩	
૧૪		૧૫			■		■
૧૬				■	૧૭		૧૮
૧૯		■	૨૦		■	૨૧	
	■	૨૨		■	૨૩		

આડી ચાવી

૧. બાળક જેવું વર્તન (૩)
૪. હાથી (૪)
૮. કઠીન, કષ્ટ દાયક (૩)
૯. મોટી ઉંમરના વ્યક્તિને માનથી... કહેવાય (૩)
૧૦. નકલી, જૂઠું (૪)
૧૩. એક ગાયની જાત (૨)
૧૪. આ તહેવારમાં પતંગ ઉડાડાય છે (૫)
૧૬. પતિ... સ્ત્રી, ભક્ત (૪)
૧૭. ઉદ્યોગ, કળા (૩)
૧૯. આલાપ (૨)
૨૦. ... ટળી, મુશ્કેલી ટળી (૨)
૨૧. નોકર, ચાકર (૨)
૨૨. ભરેલું ના હોય તેવું (૨)

ઊભી ચાવી

૧. દિવાસળી ની પેટી (૩)
૨. બહુમાળી બિલ્ડિંગમાં... હોય (૨)
૩. દારૂ, મદિરા (૩)
૫. લશ્કરી પડાવ (૩)
૬. ભાખર..., એક વાનગી (૨)
૭. વસ્તુના તળિયા સુધી (૪)
૧૧. ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા કરાતો યજ્ઞ (૬)
૧૨. વૈરાગ્ય (૪)
૧૩. જમીનનો માલિક (૫)
૧૪. પક્ષ તાણવો, ... તાણવું (૪)
૧૫. સલાહ, શિખ (૨)
૧૮. રીત, પ્રણાલી (૩)

શબ્દાવલી ૪૭૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) મહેતલ (૪) નિદાન (૭) હાર (૮) મમ (૧૦) વખ (૧૧) નત (૧૨) સનેપાત (૧૪) હામ (૧૬) ચકલી (૧૮) મરજાદ (૨૦) કરમ (૨૧) તન (૨૨) વારદાત (૨૪) કવ્વાલી (૨૫) લપડાક

ઊભી ચાવી :- (૧) મહાન (૨) હેરત (૩) લમસમ (૫) દાવત (૬) નખ (૯) મને (૧૩) પામર (૧૪) હાલીમવાલી (૧૫) વદન (૧૬) ચમકમ (૧૭) કર (૧૮) મડદાલ (૧૯) જાત (૨૩) તપ